ગાંધીનગર સંદેશ

ગાંધીનગર III

SANDESH WEDNESDAY 13•08•2014

# વૃક્ષયાત્રામાં ૩૦ હજાર ફુલછોડ અને વૃક્ષોના રોપાઓનું વિતરણ કરાયું

## વૃક્ષયાત્રામાં ૧૭ વાહનો ઉપરાંત સંસ્થાઓના વોલેન્ટરની મદદ લેવાઇ

ગાંધીનગર, મંગળવાર

પાટનગરના સેક્ટરોમાં સામુહિક વૃક્ષારોપણ કરવાના ભાગરૂપે આજથી બે દિવસીય વૃક્ષયાત્રા નિકાળવામાં આવી રહિ છે. વૃક્ષયાત્રાના પ્રથમ દિવસે ૧૭ જેટલી ઉંટલારીઓ તેમજ વિવિધ સંસ્થાના વોલેન્ટરની મદદથી ફુલછોડ અને ઔષધિય વૃક્ષોના ૩૦ હજારથી વધુ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેક્ટરોમાં ડોર ટુ ડોર ફરીને વૃક્ષોના રોપાઓનું વિતરણ કરીને વાવેતર કરવા સ્થાનિક લોકોને જણાવ્યું હતું. વૃક્ષયાત્રાના બીજા દિવસે સે-૧૬ થી ૩૦, જી.ઇ.બી. કોલોની તેમજ જી.આઇ.ડી.સી. વિસ્તારમાં વિવિધ પ્રકારના રોપાઓનું વિતરણ કરવામાં આવનાર છે.





રાજ્યનું પાટનગર રહિયાળામાં નંબર વન બને તે માટે વન વિભાગે કવાયત હાથ ધરી છે.જેના ભાગ રૂપે પાટનગરના વિવિધ સેક્ટરોમાં બે દિવસીય વૃક્ષયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે વન વિભાગ દ્વારા ચાલુ વર્ષે વિવિધ વિસ્તારોમાં ૫૦ હજારથી વધુ રોપાઓનું વાવેતર કરવાનો લક્ષાંક બનાવ્યો છે. જે અંતર્ગત વન વિભાગ દ્વારા જિલ્લા કક્ષાનો વન મહોત્સવ દરમિયાન અંદાજે પાંચેક હજાર વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. ઉપરાંત વૃક્ષારોપણના અભિયાનમાં નગરના તમામ લોકો જોડાય અને લોકોમાં વૃક્ષના રોપાનો ઉછેર કરીને પાટનગરને હરિયાળું બનાવવામાં ભાગીદાર બને તે અંતર્ગત વન વિભાગ દ્વારા આજથી બે દિવસીય વૃક્ષયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

વૃક્ષયાત્રાના પ્રથમ દિવસે નગરના સે-૧ થી ૧૫ તેમજ ઈન્ફોશીટી વિસ્તારને આવરી લેવામાં આવ્યો હતો. વૃક્ષયાત્રામાં વન વિભાગને વનશ્રી ટ્રસ્ટ અને કડી કેમ્પસમાં આવેલી બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકગણે સેવા આપી છે. પ્રથમ દિવસે વૃક્ષયાત્રામાં ઔષધિય તેમજ ફળફુલના વિવિધ ૨૫ જેટલા રોપાઓનું ડોરટુડોર વિતરણ કરવામાં આવ્યું હતું. વૃક્ષયાત્રાના પ્રથમ દિવસે ૧૭ જેટલી ઉંટલારીઓમાં લીમડા, સપ્તપર્ણી, બોરસલ્લી, ગુલમહોર, ગરમાળો, જાસુદ, આંબા, આસોપાલવ, તુલસી, અરડુસી, ગુલાબ, નગોળ, ચાંદની, રાતરાણી, સીતાફળી, દાડમ, જાંબું, જામફળી સહિતના ઓષધિય અને ફુલફળ આપતા છોડના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. વૃક્ષયાત્રા નગરના સે-૧ થી ૧૫ના રીંગરોડમાં ભ્રમણ કર્યું હતું. જયારે વનવિભાગના કર્મચારીઓ તેમજ વનશ્રી ટ્રસ્ટના વોલેન્ટરો અને બીબીએ કોલેજના વિદ્યાર્થીઓએ ડોર ટુ ડોર લોકોની માંગ મુજબ છોડવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વૃક્ષયાત્રાના બીજા દિવસે તા.૧૩મી, બુધવારે સે-૧૬ થી ૩૦ ઉપરાંત જી.ઇ.બી.કોલોની તેમજ સે-૨૫, ૨૬ અને ૨૮નો જી.આઇ.ડી.સી. વિસ્તારને પણ આવરી લઇને વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓનું વિતરણ કરીને બે દિવસમાં અંદાજે ૬૦ હજાર રોપાઓનું વિતરણ કરવામાં આવનાર છે. વૃક્ષયાત્રામાં આર.એફ.ઓ. અમરત દેસાઇ અને બી.એસ.સોલંકી, ગ્રીન એમ્બેસેડર અંજના નિમાવત સહિત ઉપસ્થિત રહ્યા હતા.